Revised

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ (COVID-19)

આજ રોજ તા.૨૨/૦૩/૨૦૨૦, સાંજે ૦૬:૦૦ કલાકે માન.મ્યુ.કમિશનરશ્રીની અધ્યક્ષતામાં વિભાગીય વડાશ્રીઓ, તમામ ઝોનલ ચીફશ્રીઓ, આરોગ્ય અધિકારી અને ડીનશ્રી સ્મીમેર સાથે કોરોના વાયરસ અન્વયે કરવામાં આવેલ કામગીરી બાબતે સમીક્ષા મીટીંગનુ આયોજન કરવામાં આવેલ.

સુરત શહેરમાં કુલ ૧૭૯૩ વિદેશ પ્રવાસથી આવેલ વ્યકિતઓનું હોમ કવોરોન્ટાઈન કરવામાં આવેલ છે. જેમાંથી ૪૩ વ્યકિતઓએ હોમ કવોરોન્ટાઈનના નિયમનો ભંગ કરેલ છે. જેમાંથી કુલ ૩૦ વ્યકિતઓને ઘરે પરત લાવવામાં આવેલ છે. જયારે કુલ ૧૩ વ્યકિતઓને કાયદા હેઠળ સરકારી ફેસીલીટીમાં મોકલવામાં આવેલ છે. કુલ ૮ વ્યકિતઓએ જાતે સરકારી ફેસીલીટીમાં ગયેલ છે. સ્મીમેર હોસ્પિટલ, NCH અને પ્રાઈવેટ હોસ્પિટલ મળીને કુલ ૧૫૧ આઈસોલેશન વોર્ડ અને ૬૯ વેન્ટીલેટરની સુવિધા રાખવામાં આવેલ છે. જાહેરમાં થુંકનારાઓ કુલ ૧૨૯૯ વ્યકિતઓ પાસેથી કુલ રૂા.૬,૪૯,૫૦૦/– દંડ સ્વરૂપે વસુલ લેવામાં આવેલ છે. હોમ કવોરોન્ટાઈન કરવામાં આવેલ ૧૦૫ વ્યકિતઓએ AMPC માર્કેટમાંથી ગ્રોસરી અને શાકભાજીની ફ્રિ હોમ ડિલીવરી મેળવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર સમાચાર યાદી નં....૬૨૮
તા.૨૨/૦૩/૨૦૨૦